ના માળા. મણકો ૧ લો.

ૐ

તત્ સત્ પરમાત્મા નમઃ

મોચી જ્ઞાતિ હિતેચ્છુ સાહિત્ય

શ્રી મોચી પત્રીકાને લાભાર્થે.

ધરાહર પટેલ

અને ન્યાયનો નમુનો

દોહરો.

કહેર કરે બહુ ન્યાતમાં, આડા કુંચી કાન.
વગર વિચાર્યું જે કરે, તે ધરાહર માન.

(ઉત્તમ)

--(૦)--

લેખક:-પ્રકાશક

નાનજી અરજણ-મુંબઈ

આવૃતિ ૧ લી] સંવંત ૧૯૭૫. [પ્રત. ૧૦૦૦

કીંમત એક આનો.

ધર્મયુદ્ધમાં આપણી જ્ઞાતિમાં પહેલ વહેલો વીર નર
નાગપુર રાષ્ટ્રીય ધ્વજની લડતમાં સામેલ થઈ
જ્ઞાતિ અભિમાનમાં અણધાર્યો વધારો કરનાર
કુળદીપક વીરનર

પકડાયા
તા૧૮-૭-૨૩



જેલ
તા૨૩-૭-૨૩

ખેંગારભાઈ મોનજી ભરતવાળા.

જનની જણતો ભક્તજણ, કાં દાતા કાં શુર
નહિ તો રહેજે વાંઝણી, રખે ગુમાવે નુર

(તુલસીદાસ)

અર્પણ પત્રિકા.

આત્મબન્ધુ ભાઈશ્રી,

ખેંગાર મોનજી ભરતવાળાની સેવામાં

રહેવાશી મુંબઈ હાલ, જેલ મહેલ નિવાસ.

જ્ઞાતિ હિત સાધનાર, એ શુરવીર, જ્ઞાતિ સુધારકમાં પહેલ કરનાર, અધમ દશામાંથી સત્ય રસ્તે ચડાવનાર, પત્રિકા મારફત જ્ઞાનામૃતનું સિંચનકરનાર, દાંભિકોના પોગળ ખોલનાર, ન્યાયપણે વર્તાવનાર, નિઃપક્ષી પણે ચાલનાર, આજ તું જેલ નિવાસ થયો.

આના માળાનો પહેલા મણકાનો લઘુ લેખ આપની પવિત્ર સેવામાં અર્પણ કરૂં છું

લી૦ સેવક.

નાનજી અરજણના વંદેમાતરમ.

પ્રકાશકના બે બોલ.

અધરાહર પટેલની નાનકડી બુક લખતાં જેટલો આનંદ મ્હને થાય છે તેટલો આનંદ વાચનારને થાવ ! આ નાનકડી બુક દ્વેષથી નહિ પણ ચાલુ વર્તમાનના આધારે પ્રકટ થઇ છે. કેટલાએક આપણી ન્યાતમાં એવા ધરાહર પટેલો છે, કે આપખુદ સત્તાના મદમાં ગરીબો. પર જુલમાટ ગુજારે છે. તેથી ગરીબોને સોસવુ પડે છે.

આના માળા પ્રકટ કરવાનો મારો મુખ્ય ઉદ્દેશ ભાઇ પેંગાર જેલ જવાથી તેમની જેલ તીથિના યાદગાર દીવસે હર વખતે "આના માળાના મણકા" પ્રકટ કરવામાં આવશે.

આના માલાના મણકાનો ખર્ચ બાદ કરતાં જે નફો રહેશે તે મોચી પત્રિકાના લાભાર્થે રહેશે. તેનો હિસાબ વાંચન પ્રચારક કમિટિને સોંપવામાં આવશે. આના માલાનો હિસાબ દર મણકાએ આપવામાં આવશે.

જ્ઞાતિ બંન્ધુઓને વિનંતિ એજ કે આના માળાનો મણકો ગેર-લાભ નહિ સમજતા સર્વે સહાયતા આપશો.

લી. **નાનજી અરજણ**

ભાઈ ખેંગારનો પરિચય

શ્લોક

ગુણીગણગણ નારમ્ભે ન પતતિ કઠિની સુસમ્ભ્રમધસ્ય
તસ્યામ્વા યદિ સુતીની વદ વન્ધ્યા સ્ત્રી કીદશી ભવતિ

અર્થ—જે પુરુષ છે તે સીંહ છે અને ખરેખર રીતે પોતાના ગુણ વડે માતાની કુખને દીપાવે છે. તેજ સાધારણ જન સમાજમાં આશા, પ્રેમ અને સહાનુભુતિનું સ્થલ છે. જે પુત્ર માતાની સેવા ન કરે એટલે જન્મભુમિને કામ ન આવે તે પુત્ર શા કામનો? જે ગુણી પોતાના ગુણ વડે બીજાને લાભ ન પહોંચાડે તે ગુણી શા કામનો? જે મનુષ્ય નિજ જ્ઞાતિમાં સુખ દુઃખને પોતાના સુખ ન સમજે તે મનુષ્ય શું કામનો? જે પુત્રની કોઇ વિશેષ ગુણવાળા ગુણીઓમાં ગણત્રી ન થાય તે પુત્ર શા કામનો? કોઈ વિશેષ ગુણની ચર્ચા ઉઠતાંની સાથેજ તે ગુણ ધરાવનારાઓની ગણત્રીમાં જેનું નામ ગણવામાં આવતું નથી, તેવા મનુષ્યોને જન્મ આપનારી મા પુત્રવંતી નહિ પરંતુ વંધ્યા સમાન છે.

ધર્મયુધ્ધમાં—નાગપુર રાષ્ટ્રધ્વજની લડતમાં સામેલ થનાર આપણી જ્ઞાતિમાં પહેલ વહેલો શુરવીર જ્ઞાતિ ઉધ્ધારક જ્ઞાતિ ભૂષણ કુલદીપક ભાઇશ્રી ખેંગાર મોનજી ભરતવાલાજ છે.

ઉપરના શ્લોકની શોભા ભાઈશ્રી ખેંગારજીને શોભે છે. ભાઇ ખેંગાર મુળ રહીશ કચ્છભુજના છે. હાલ ઘણા વખતથી તેઓ મુંબઇ રહે છે. મ્હને તેનો પરિચય ત્રણ વર્ષથી થયો છે. તે શાથી!

ત્રણ વર્ષ પહેલાં આપણી જ્ઞાતિમાં માસિક પ્રકટ કરવામાં આવ્યું હતું તેમાં તે ભાઇ અથાગ તનતોડ મહેનત લઇ માસિકના મદદગાર બન્યા હતા. તે મારી ધારણા પરિપૂર્ણ ન થઇ તે કામ અપૂર્ણ રહ્યું તે પછી મારે મુંબઇ આવવાનું થયું. તે ભાઈ શ્રી ખેંગારનો ઉત્સાહ, તેનો પ્રેમ તેની ધીરજ, તેની વાણી–તેનું શુરવીર પણું તેની ઉદારતા તે આપણે સારી રીતે પત્રિકા મારફતે જાણી શકયા છીએ.

"જ્ઞાતિ હિતેચ્છુ પત્રિકા" મફત વાંચનાલય વિના મુલ્યે આપણી જ્ઞાતિમાં પોતાને ખર્ચે દરેકને લાભ પહોચાડનાર ભાઈ શ્રી ખેંગાર છે

આપણને આજ દોઢ વર્ષથી પત્રિકા દ્વારા જે લાભ મળતો હતો તે લાભ આપણે ગુમાવી બેઠા છીએ. જો આપણે લાભ પાછો મેળવવા માગતા હોઇએ, તો તેમને જેલ જતી વખતે જે સંદેશો આપણને પત્રિકા મારફતે આપેલ છે, તે આચરણમાં મુકવો જોઇએ. જો આચરણમાં એ પ્રમાણે વર્તીશુ, તો જરૂર આપણે લાભ મેળવશું.

લિ૦ નાનજી અરજણ

ધરાહર પટેલના ચીન્હો.

૧ અક્ષર જ્ઞાન વિનાના ભોળા દીલના માણુસોને, પડખામાં રાખી પોતાની આપખુદી સત્તા સ્થાપિત કરનાર.

૨ નિજ જ્ઞાતિમાંથી કોઈ સદ્કાર્ય કરનારને ઈર્ષા વાપરનાર.

૩ આપખુદ સતાનો દોર કાયમ નીભાવવા માટે ઉપાયો શોધનાર.

૪ પક્ષાપક્ષથી ન્યાય કરનાર.

૫ નિજજ્ઞાતિને અધમ દશામાં દોરનાર.

૬ સામા માણુસના અવગુણ સંગ્રહ કરનાર.

૭ દુવિધામાં ભરપુર રમણીય ભાષા વાપરનાર સાક્ષાત કલીયુગનો પંડીત.

૮ મદીરાપાન અને માંસાહારી એવો અધર્મી.

૯ હૃદયમાં કપટ રાખી મોઢેથી મીઠા મીઠા શબ્દ બોલનાર

૧૦ વાક્ય જાલથી ભોળા માણસોને ફસાવનાર.

૧૧ પોતાના મોઢેથી બડાઇ મારનાર.

૧૨ જે ગૃહસ્થ હોય તેની ખુશામત કરનાર

૧૩ હુંપદથી ન્યાતમાં વિરોધ વધારનાર.

૧૪ એક બીજાને ખટરાગ કેવી રીતે થાય, એવા ઉપાયો શોધનાર

૧૫ વાણીમાં વિનય નહિ, પણ ઈર્ષાથી બોલનાર.

૧૬ જેમ શસ્ત્ર ફણાએ શેષ ફુંફવે તેમ હર્ષમાં આવી નીંદામાં મશગુલ રહેનાર.

૧૭ નિર્લજ નિર્દય ક્રોધી, હિંસક, એવો જે ધરાહર પહેલ કહેવાય.

તે પટેલ પ્રજાપતનો ઘોડો

(કુંભારના ઘરનો ગધેડો)

(રાગ કટાવ છંદ)

અક્કલ હીણો કરે પટલાઈ, દયા ધર્મથી જાય બદલાઈ;
ઘરમાં ઢોંગ ઢીંગાણું ચોડો, તે પટેલ પ્રજાપત્તનો ઘોડો. ૧
આપ છિદ્રને રાખે ઢાંકી, મુછ મરડી ફરે છાકી છાકી;
અંગે ઓડો, પગે ખોડો, તે પટેલ પ્રજાપતનો ઘોડો. ૨
ફરે હરાયો મહાજન ગોધો, કરે રાંડવાઓને બોધો;
ખાંધે બદન માથે તોડો, તે પટેલ પ્રજાપતનો ઘોડો. ૩
ઇન્સાફીના જાણે જણીઆ, જેના બાપ દાદા નવ ભણીયા;
તેહનો કુંવર સવાયો દોહડો, તે પટેલ પ્રજાપતનો ઘોડો. ૪
મુળ ધર્મને ખોઇ બેઠા, પુર્વજોને નાંખ્યા હેઠા;
વિના સમજનો કુટે હથોડો, તે પટેલ પ્રજાપતનો ઘોડો. ૫
હું પટેલ પટલાઇ કરનારો, બીકણને દાબી દેનારો;
માથે કરજ ને ઘરમાં ઘોડો, તે પટેલ પ્રજાપતનો ઘોડો. ૬
ગરીબને ઝટ નાખે દંડી, ચારો ચરવા જાયે મંડી;
બૈરીના પગમાં ન મળે તોડો, તે પટેલ પ્રજા પતનો ઘોડો. ૭
સવા પહોર ચડી જાયે દહાડો, પથારીમાં આળોટે પાડો;
રાત જાગે ઉઠે મોડો, તે પટેલ પ્રજાપતનો ઘોડો. ૮
ચાડી ચુગલીમાં બહુ રાજી, પટેલ બનવા કરે પતરાજી;
પટેલાઈ કરવાની કોહડો, તે પટેલ પ્રજાપતનો ઘોડો. ૯

પંડે આપ બનીને બેઠો, હું પટેલ છું સૌથી જોડો;
તુટી જાય ન મુકે મંકોડો, તે પટેલ પ્રજાપતનો ઘોડો. ૧૦

પરધનના પર બહુ રસીયા, સજ્જનોને સહેજે ડસીયા;
મારા હાથમાં ન્યાત અછોડો, તે પટેલ પ્રજા પતનો ઘોડો ૧૧
જમણ જમવામાં બહુ શુરો, કરવો ઓચ્છવ પુરે પુરો;
ત્રીશની પુંજી એંશી અકોડો. તે પટેલ પ્રજાપતનો ઘોડો. ૧૨

પટેલ નહિ ને કરે પટલાઇ, ધન નહિને કરે છેલાઇ.
જેના પેટમાં મોટો મરોડો તે પટેલ પ્રજાપતનો ઘોડો. ૧૩
વિષય લંપટી હરામ જાદો, ગૃહસ્થ બને દાદાનો દાદો;
હાથમાં લાકડી ચાલે ખોડો તે પટેલ પ્રજાપતનો ઘોડો. ૧૪

મળે માથાનો વીરલો જ્યારે, દરમાં પેસી જાય ત્યારે
વાઘ આવ્યો છે ભાઇઓ દોડો, તે પટેલ પ્રજા પતનો ઘોડો. ૧૫
કાયદાને વાયદા બહુ કીધા, અન્યાયના ડુંગર શીર લીધા;
હારજીતની માંડે હોડો, તે પટેલ પ્રજા પતનો ઘોડો. ૧૬

રીઝે તેને રાખે રાજી, દુઃખી કરે થાયે નારાજી.
સાધુની સાથે નહી સોડો તે પટેલ પ્રજા પતનો ઘોડો; ૧૭

પંગતમાં ઉભો રહી બબડે, ગુદા વિનાનો ગોલો ગબડે.
જમવા બેઠા પૈસા છોડો, તે પટેલ પ્રજાપતનો ઘોડો. ૧૮

નહિ હોય તો લાવો ઉછીના, નહિ તો વેચો માલ જરીના;
ન્હાય તો તમારૂં માથુ ફોડો, તે પટેલ પ્રજાપતનો ઘોડો. ૧૯

પચમાં બેશી મારે તડાકા, ચાર દીવસના હોય કડાકા;
અમીરીમાં નહી મારી જોડો, તે પટેલ પ્રજાપતનો ઘોડો ૨૦

ગણે ગોરને ગુલામ જેવો, બરફી પેંડા જમાડે મેવો;
સહેજ સહેજમાં દોડમ દોડો, તે પટેલ પ્રજાપતનો ઘોડો ૨૧
રંગે રંગીલો બન્યો છે ઘોડો શોધે મલે નહી જેને જોડો;
હિતેચ્છુ કહે મારે ગપોડો, તે પટેલ પ્રજાપતનો ઘોડો. ૨૨

(આપઃખુદ સત્તાધારીઓને છતીઆંખે અંધાપો હોય)

(આંખ વિના અંધારૂંરેઃ—એ રાગ)

આંખ છતાં અધારૂ રે. (૨) પટેલીયાને આંખ છતાં અંધારૂ. ટેક
સૌ દીસે અજવાળુ, ઘુવડને કાળું કાળું.
દેખે નહિ સારૂં નઠારૂં રે. પટેલીયાને ૧
ઝાંઝવાના જળ જેવું. અમરને તજીદેવું.
મીઠડું દુધ લાગે ખારૂં ખારૂંરે. પટેલીયાને. ૨
દેખે નહિ દેવ દેવી. માને વીછોડી દેવી.
સપુત સુત ધારૂ વારૂંરે. પટેલીયાને. ૩
ધર્મને અધર્મ જાણે અધર્મને ધર્મ માને.
ધિકઃ ધિકઃ જીવતર તારૂંરે. પટેલીયાને. ૪
સ્વાર્થને સગાઈ માંહી, મદાંધ ન્યાય દેખેનાંહી.
હવે તો મન નીરધાર્યું રે. પટેલીયાને. ૫

નમુનો ૧ લો.

(એક ગરિબ માણસ ઉપર આફત)

એક નિરાધાર ગરીબ માણસ હતો. અને સાધારણ રીતે કારીગર હતો તેની ઉંમર આશરે પચીશ વર્ષની હશે. ઘણાએક ગામ ફરતાં ફરતાં સુરત જેવા શહેરમાં આવીને રહ્યો. એક શ્રીમંતને ત્યાં કામ ધંધા પર બેઠો કારીગર સારો હોવાથી શ્રીમંતને લાગણી થઈ અને પોતાનુ હિત સાધવા માટે આ કારીગરને લાલચમાં નાંખવો તેથી કરીને બીજે જાય નહિ. અને કાયમ માટે નોકરી મારે ત્યાં કરે એવો વિચાર ધારીને કહ્યું.

શ્રીમંતઃ-હજી સુધી કાંઇ સગપણ થયું છે કે નહિ.

કારીગરઃ-હજી સુધી કાંઈ સગપણ કર્યું નથી.

શ્રીમંતેઃ-હરકત નહિ. જો તમે મારે ત્યાં એક ઠેકાણે ધંધો કરશો તો કાલ સવારે બધા વાના થઈ રહેશે. અને ઘર બંધાશે.

શ્રીમંતે એવું ધારી તેજ ગામમાં એક સાધારણ સ્થિતિનો માણસ રહેતો હતો. તેને ત્યાંજ તે કારીગરનું સગપણ કર્યું! સગપણ કર્યાં બાદ બેચાર મહીનામાં લગ્ન પણ કરી દીધાં. અને કારીગરનું ઘર બંધાવી આપ્યું.

પણ તે ગરીબને માથે તેના શેઠનું કરજ રૂપિયા સાતસોનું થયુ. આ સંસારનો લાહવો લેવા જતાં ઉલટો ચીંતામાં બેઠો. ચીંતાતુરમાં અંતર ઉદગાર કરી બોલ્યો. "કરજ છે તે કાળો કોઢ છે." અરે ઘર તો બાંધ્યું. પણ કરજમાંથી કયારે છુટીશ એમ ફીકરમાં ધંધો કરતાં કરતાં છ માસ વિતિ ગયા. ત્યારે વીશ રૂપિયા કરજ પેટે વસુલ આપ્યા.

ત્યાં તો ધરાહર પટેલની બીજી આફત આવી પડી. ધરાહર પટેલે પંચમાં ચર્ચા કરવા માંડી. અને પંચ એકઠું કરીને કહ્યું આપણામ ધારો છે કે જેના લગ્ન થાય તે વરવીવાનુ ખરચ આપે એમ કહીને પંચના આગેવાનને ભંભેર્યો. એટલે તે આગેવાને તે ગરીબ માણસને બોલાવ્યો. વ૨...... ખર્ચની માગણી કરી.

ગરીબ માણસે જવાબ આપ્યો કે મારી હાલત કેવી છે તે આપ સારી રીતે જાણો છો. અને ન્યાત માબાપ છો. "ન્યાતે મરવું. ન્યાતે તરવું." એ મારો ધ્યેય છે. અને ન્યાતના ધારા પ્રમાણે (રુપીયા) આપી શકું તેમ છું. પણ ખર્ચ આપવાની મારામાં શકતી નથી. એટલી મારા પર દયા કરવી જોઇએ.

ત્યાંતો આગેવાન નહિ પણ ધરાહર પટેલ બોલી ઉઠયા. અરે ગમે તેમ કર. પણ તારે ખર્ચ આપવુજ પડશે. શું? તારા માટે આજ ચાલીશ વર્ષનો ધારો તોડશું ? એ નહિજ બને. માટે જલદી જવાબ આપ. નહિતો તારા માટે ન્યાતે વિચાર કરી મુક્યો છે. સમજ્યો. જલદી જવાબ આપ.

પ્રિયવાંચક—જુઓ ! આ ધરાહર પટેલનો ઝપાટો. ન્યાતનું નામ આપખુદ સત્તાનું કામ આવા ધરાહર પટેલોનો અનુભવ તમોને થયોજ હશે. તે આપ મનમાં સારી રીતે જાણતા હશો. એક જગ્યાએ કહ્યું છે કે

ના હોય તો લ્યો ઉશીના. નહિ તો વેચો માલ જરીના.
મ્હાય તો તમારૂં માથું ફોડો. તે પટેલ પ્રજાપતનો ઘોડો,

પણ તે ગરીબ માણસે બે હાથ જોડીને કરગરવા માંડયું. ન્યાત માબાપ છો મારાપર દયા લાવો ત્યાં તો ધરાહર પટેલનો પીત્તો ઉકળી ગયો.

ધરાહર પટેલ—અહીં જે બધા બેઠાં છે તે કાંઇ તારા બાપના નોકર નથી, માટે તારે ખર્ચ આપવુંજ પડશે નહિ તો આજથી તારો વહેવાર બંધ કરી. ન્યાત બ્હાર.

પ્રિય વાંચક—તમારુ હૃદય શું કહે છે. તે પણ જોઈ શકીએ છીએ ! અરે ? જ્યાં સુધી આપણી ન્યાતમાં આવા અધર્મી ગરીબોપર જુલમાંટ ગુજારનાર ધરાહર પટેલો હશે ત્યાં સુધી એવીજ હાલત ગરીબોની થશે. માટે ચેતો ચેતો શુ બેસી રહ્યા છો. દીલમાં દયા છે કે નહિ. જો દયા હોય તો જ્યાં આવા અધર્મી ધરાહર પટેલો હોય, તેની આપખુદ સત્તાનો દોર તોડી પાડો ! હવે તે ગરીબ માણસને ન્યાત બ્હાર મુકી દીધો. અને તેની સાથે વહેવાર બંધ કર્યો. જે શેઠને ત્યાં કામ ધંધા પર જતો હતો. ત્યાં પણ ખાવા પીવાનો વહેવાર બંધ થશે. સવારથી સાંજ સુધી જે ધધો થાય. તેમાંથી ચાર આના કરજ પેટે વસુલ આપી બાકીના પૈસા રોકડા લઇ જતો. તેમાંથી પોતાનો નિર્વાહ ચલાવતો હતો.

તેમાં પણ સુખ પડવા દીધું નહિ. તેના સાસરા ઉપર દબાણ ધરાહર પટેલની ચળવળથી થયું અને તેના પર ન્યાત ભેગી કરી ને કહ્યું કે તું તારી છોકરીને તારા જમાઇને ત્યાંથી તેડી આવ. નહિ તો તારો વહેવાર બંધ કરીશું.

પ્રિય વાંચક—આપને ઘડીએ ઘડીએ વાંચતા થોભાવું છું. તો ક્ષમા કરજો. મારે કહેવું જોઇએ કે જ્યાં સુધી આવા નરાધર્મી ધરાહર પટેલો આપખુદ સત્તાનો દોર મુકશે નહિ, ત્યાં સુધી કંઇ વળવાનું નથી. મોઢેથી સુધારાની વાતો કર્યા કરવી. તે બધું વ્યર્થ છે, માટે જ્યાં સુધી આપખુદ સત્તાધારીની સત્તા તોડશો નહિ. ત્યાં સુધી ગરીબોને દુઃખ વેઠવું પડશે.

ગરીબને તો " દાઝયા પર ડામ. ઘા પર મીઠું ચોપડવા જેવું દુઃખ " તેમાં શું બાકી રહે! એક તો નીર્ધન અને નીરાધાર શું કરે, અંતે મુંજાયો લાચાર થઇને પોતાની સ્ત્રીના પર જે દાગીના (પલ્લા) હતા. તે લઇને વેચીને ન્યાતને જમણ આપ્યું. અને ધરાહર પટેલને સંતોષ્યા તેના રુણમાંથી મુક્ત થયો. પછી કામ ધંધાપર લાગી ગયો પણ કરજ વધારે હોવાથી મુંજાયો અને રાત દીવસ ચીંતા રહેવા લાગી. અને તેથી રોગ લાગુ પડયો.

કહ્યું છે કે.

ચીંતા બડી ડાકણી કાટ કલેજા ખાય
વૈધ બીચારા કયા કરે કયાં સુધી ઓશડ લગાય.

કુંડળીઆ

ચીંતા ઝાળ શરીરમેં, દવ લાગી ન બુઝાય;
બાહીર ધુંવાન નીસરે, ભીતર હી ધુંધવાય.
ભીતરહી ધુંધવાય, જલે જ્યું કાચકી ભઠ્ઠી;
લોહી માંસ જલી જાય, રહે પીંજરકી નઠ્ઠી.
કહે સુકવિઆ કાન, સુનહો મેરે મિતા;
સોનર કયું જીવંત, જાહિકે ઉરમેં ચીંતા.

અન્તે તે ગરીબ માણસ માંદો પડયો રોગની વ્યાધી વધતી ગઇ. ઉપચાર કાંઇપિણ કરી શકયો નહિ કારણ કે નીર્ધન હોવાથી. અને એ હાલ થયો. કામ કરવાની શકતી રહી નહિ. જો કામ થાય તોજ પૈસા મળે એટલે કરે શું ? હવે ખાવાનાં પણ ફાંફાં અંતે બીચારો બેજાર બની, તેના સાસરાને ત્યાં રહ્યો એવી રીતે. ૭ માસ રહ્યો. તોપણ સારૂં થયું નહિ. અને તેનો સાસરો કાયર

થયો. હવે શું કરવું. કોઇની સલાહ લઇને ઇસ્પતાલમાં મોકલ્યો. હવે તેનું શું થશે. તે ઇશ્વરો ગતી.

પ્રિય વાંચક—જેઓ તમોએ ન્યાયનો નમુનો વાંચ્યો તે તમોને ખોટો લાગતો હશે. ખોટો નહિ પણ સત્ય છે ! શું ચાલુ વરતમાનમાં આવા જુલમગાર ધરાહર પટેલો નથી. છેજ અરે ! જ્ઞાતિના બંન્ધુઓ એ ગરીબ બિચારાએ તેવા ધરાહર પટેલને શુ આશીરવાદ આપ્યો હશે. તુલશીદાસે કહ્યું છે તેજ

તુલસી હાય ગરીબકી, કબુ ન ખાલી જાય,
મુઆ ઢારસે ચામસેં, લોહા ભસ્મ હો જાય.

નમુનો ૨ જો

(બાપનું કરજ દીકરી પર વસુલ)

એક ગૃહસ્થે પોતાને ત્યાં એક ગરીબ માણસને નોકરી પર રાખ્યો. તે ગરીબ સાધારણ સ્થિતિનો હતો. તે ગૃહસ્થને ત્યા ઘણા વર્ષ સુધી નોકરી કરી. લગભગ ત્રીશ વર્ષ સુધી નોકરી કરી હતી વૃધ્ધ અવસ્થાએ પહોંચી ગયો હતો. પોતાની સ્ત્રી અગાઉ મરણ પામી હતી. તેને એક છોકરી હતી. હવે તે ગરીબ વૃધ્ધ હોવાથી કામકાજ થઇ શકે નહિ. તેમાં માંદો પડયો. છોકરીને પરણાવેલી હતી. પણ ઉમર નાની હોવાથી સાસરે મોકલી ન હતી. મરણ પથારીએ પડેલો ગરીબ માણસ તેના શેઠને પોતાની છોકરી સ્વાધીન

કરી ! તેના શેઠે કહ્યું. હરકત રાખીશ નહિ ! તારા જીવને શાન્તી રાખજે. તારી છોકરી તે મારી છોકરી સમજુ છું, માટે છોકરીને કોઇ વાતથી દુ:ખ થશે નહિ એવી રીતે આશ્વાસન આપી દીલાસો આપ્યો. તે વૃધ્ધને શાન્તી થવાથી મરણને શરણ થયો. બે માસ થયા હશે. ત્યારે છોકરીના સાસરા તરફથી તેડવા આવ્યા, તે ગૃહસ્થ એક ધરાહર પટેલ હતા. તેઓને ચોખ્ખુચટ સંભળાવી દીધુ. એ છોકરી મારે સ્વાધીન તેનો બાપ સોંપી ગયો છે, અને છોકરીના બાપ પાસે મારા રુપિયા ત્રણસો નીકળે છે.

જો તમો એ રૂપિયા આપો ! તો એ છોકરી તમારે ત્યાં પાણી ભરશે. હવે તેડવા આવેલા બીચારા ગરીબ હોવાથી વીલે મોઢે પાછા ગયા. જ્યા ચાર માસ ગયા હશે એટલામાં તે ગૃહસ્થે વિચાર્યું ! હવે શું કરવું. અને છોકરીની ફારગતી લઇને બીજે ઠેકાણે આપીશ. તો વધારે રૂપિયા આવશે, ત્યારેજ રૂપિયા વસુલ થશે. એવો સંકલ્પ કરી, તે છોકરીના સસરાને તેડાવી, પંચ એકઠુ કરી, તેના પર દબાણ કર્યું, એટલે મુંજાઈ તેને ફારગતી લખી આપી. ગૃહસ્થને ફાવતુ થયું. તે છોકરી બીજે ઠેકાણે રૂપિયા વધારે લઇ, છોકરીના બાપનું કરજ વ્યાજ સહિત વસુલ કર્યું.

દોહરો **કહેર કરે બહુ ન્યાતમાં, મરમ નહિ મનમાય,**
આડી ટેડી વાતો કરે, તે ધરાહર કહેવાય,

(સંવત ૧૯૭૯ના શ્રાવણ માસ પત્રિકા નં ૨)

સ્વજ્ઞાતિની ઉન્નતિ માટે મંથન કરી, નિજ દેશ સેવા બજાવતાં જેલ મહેલ નિવાસ કરનાર જ્ઞાતિનો પહેલો શુરવીર.

ખેંગાર મોનજી ભરતવાલા.

'ભલેને કીધા ગીરફતાર, હમારા ગાંધીજી સરદાર....એ રાહ'

થયા નિજ ધર્મે ગીરફતાર, હમારા ખેંગારજી સરદાર.
સ્વજ્ઞાતિની સેવા બજાવી, કરવા દેશની સેવ,
મુંબઇથી નાગપુરમાં જઇને કીધો જેલને મહેલ,
જે છે વિરનર અવતાર, થયા નિજ ધર્મે ગીરફતાર...........૧

મહાત્માજીએ ઉપાય યોજયા નિજ દેશને કાજે,
પડે વેઠી કષ્ટ સામાને જીતવા સત્ય ન્યાયે;
એવા જ્ઞાતિમાં ખેંગાર, થયા નિજ ધર્મે ગીરફતાર...........૨

જ્ઞાતિમાં જ્ઞાન પ્રચાર માટે પ્રથમ માસિક ખોલનાર,
ગરીબ શ્રીમંત સૌ સમાન ગણીને વિના મુલ વહેંચનાર;
ખરા એ સખાવતના કરનાર, થયા નિજ ધર્મે ગીરફતાર........૩

' જ્ઞાતિ હિતેચ્છુ ' નિજ ખર્ચેથી, વરસ દીવસ ચલાવી;
મંડળને એ સોંપીને પણ, રહ્યા તંત્રી પદે સ્થાયી;
ઘટે એ શુરવિરને શાબાસ, થયા નિજ ધર્મે ગીરફતાર........૪
જ્ઞાતિ સેવા નિજ ધર્મ સમજી, તન મત ધનને અર્પી,
નિજ દેશની સેવા સેવા બજાવતાં, કીધી જેલમાં વસ્તી;
ખરા એ જ્ઞાતિના સરદાર. થયા નિજ ધર્મે ગીરફતાર........૫
વિરો એવા સ્વજ્ઞાતિમાં વધો, માગું ઇશને પાર્થી,
જ્ઞાતિમાં સુધારો કરવા, બીડું ઝડપે હરખી;
સૌમા સાચા જે સરદાર, થાય જે ધર્મે ગીરફતાર...........૬

સ્વજ્ઞાતિના શુરવીરનો જેલ જન્મ તા. ૧૮–૮–૨૩

મુદ્રકઃ—પરાગજી ખંડુભાઈ દેશાઈ નવયુગ મુદ્રણાલય લીમડાચોક—સુરત.